# સમય નથી

દરેક ખુશી છે અહિં લોકો પાસે, પણ હસવા માટે સમય નથી
દિવસ-રાત દોડતી દુનિયા માં, જીંદગી માટે સમય નથી

મા નાં હાલરડાં નો અહેસાસ છે, પણ મા ની માટે સમય નથી
બધા સંબંધો તો મરી ગયા જાણે, પણ તેમને દફનાવવા નો સમય નથી

બધા નામ મોબાઈલ માં છે પણ, મિત્રતા માટે સમય નથી
પારકાઓ ની શું વાત કરવી, પોતાના માટે પણ સમય નથી

આંખો માં છે ઊંઘ ઘણીયે, પણ સુવા માટે સમય નથી
દિલ છે ગમો થી ભરેલું, પણ રોવાનો સમય નથી

પૈસાની દોડ માં એવા દોડ્યા, કે થાકવા નો પણ સમય નથી
પારકા અહેસાનો ની શું કદર કરીએ, જ્યાં પોતાના સપના ની જ કદર નથી

તું જ કહે મને અરે, શું થશે આ જીંદગી નું
દરેક પળે મરવા વાળા ને, જીવવા માટે પણ સમય નથી...